# સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ - ૩૮૮ ૧૧૦

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે ડીન/આચાર્યશ્રીઓ તથા યુનિટ વડાશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજ/કેન્દ્ર ખાતેના વિવિધ વિભાગોમાં અન્ય યુનિવર્સિટી/સંસ્થાઓના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ડેઝર્ટેશન તથા ટૂંકા ગાળાની તાલીમ અર્થે આપણી યુનિવર્સિટીએ નિયત કરેલ ફી મુજબ અભ્યાસ અર્થે આવતા હોય છે. સદર ડેઝર્ટેશન તથા ટૂંકા ગાળાની તાલીમ અર્થે આવેલ અન્ય યુનિવર્સિટી/સંસ્થાઓના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ દ્વારા કરેલ સંશોધન કામગીરીની વિગતો (સને ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી આવેલ વિદ્યાર્થીઓ) જેવી કે એબસ્ટ્રેક્ટ, સંશોધન પેપર, તેઓએ કરેલ સંશોધન કામગીરીનો રીપોર્ટ વિગેરે નીચે દર્શાવેલ પ્રફોર્મા મુજબ દિન-૭માં અત્રેની કચેરીને હાર્ડ તેમજ સોફ્ટ કોપીમાં (t5dr@aau.in ઉપર) ભરી મોકલી આપવા અત્રેથી જણાવવામાં આવે છે.

**અન્ય યુનિવર્સિટી/સંસ્થાઓના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ડેઝર્ટેશન તથા ટૂંકા ગાળાની તાલીમ અર્થે કરેલ કામગીરી માટેની વિગતો દર્શાવતું પ્રફોર્મા**

| અનુ. નં | ડેઝર્ટેશન કરવા આવેલ વિદ્યાર્થીનું નામ અને સંસ્થા | ડેઝર્ટેશન અર્થે ફાળવેલ આ.કૃ.યુ.નો વિભાગ | ડેઝર્ટેશન અર્થે ફાળવેલ ફેકલ્ટીનું નામ અને સંશોધનનો વિષય | ડેઝર્ટેશન/તાલીમ અર્થે આ.કૃ.યુ.માં કરેલ સંશોધન કામગીરીનો રિસર્ચ એબસ્ટ્રેક્ટ, સંશોધન પેપર, તેઓએ કરેલ સંશોધન કામગીરીનો રીપોર્ટ | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

વધુમાં, હવેથી આ.કૃ.યુ. હસ્તકના કોલેજ/કેન્દ્ર ખાતેના વિવિધ વિભાગોમાં અન્ય યુનિવર્સિટી/સંસ્થાઓના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ડેઝર્ટેશન તથા ટૂંકા ગાળાની તાલીમ અર્થે નિયત કરેલ ફી મુજબ અભ્યાસ અર્થે આવતા અનુસ્નાતક વિદ્યાર્થીઓના ડેઝર્ટેશન તથા ટૂંકા ગાળાની તાલીમ પૂર્ણ થયેથી ઉપરોક્ત પ્રફોર્મા મુજબ માહિતી મોકલી આપવાની પ્રથા અમલી કરવામાં આવે છે, જેની નોંધ લઇ તે મુજબ અચુક માહિતી મોકલી આપવા અત્રેથી જણાવવામાં આવે છે.

જા.નં.આકૃયુ/સંનિ/ટી-૫/ ૮૦૪ /૨૦૨૩
તા. ૦૪ /૦૫/૨૦૨૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ રવાના -**

- માન .કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
- તમામ ડીન/આચાર્યશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ આપના નિયંત્રણ હેઠળના તમામ વિભાગીય વડાશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી કરાવવા સારૂ.
- કુલસચિવશ્રી, આ.યુ.કૃ., આણંદ તરફ જાણ સારૂ.
- વિભાગીય વડાશ્રીઓ, એગ્રિ. માઇક્રોબાયોલોજી, જી.પી.બી., એગ્રિ. બાયોટેક્નોલોજી, ટિશ્યુ કલ્ચર લેબોરેટરી, નેનોટેક્નોલોજી, બાયોકેમિસ્ટ્રી, એફ.પી.ટી., એફ.એસ. ક્યુ.એ તરફ ઉપરોક્ત માહિતી દિન-૭માં અત્રેની કચેરીને દિન-૭માં હાર્ડ તેમજ સોફ્ટ કોપી (t5dr@aau.in)માં મોકલી આપવા અત્રેથી જણાવવામાં આવે છે.